સેક્ટર-૨૧ શોપીંગને નમુનારૂપ બનાવાશે

આઇ એસ ઓફિસર્સ વાઇવ્સ એસોસિએશને આજે સ્વચ્છતાના મામલે જનજાગૃતિલક્ષી કાર્યક્રમ યોજયો : ટૂંક સમયમાં ઓફિસર્સની પત્નીઓ શોપીંગ સેન્ટરને દત્તક લેશે : પી ડી પી યુ ના વિધાર્થીઓએ શેરી નાટક થકી વેપારીઓ અને મુલાકાતીઓને સ્વચ્છતાના પાઠ શીખવાડયા

ગાંધીનગર તા ૧૯

સે- ૨૧ ના મુખ્ય શોપિંગ સેન્ટરની સફાઇ અને જાળવણીની જવાબદારી ગુજરાત આઈ એસ ઓફિસર્સ વાઈવ્સ એસોસિએશન સંભાળશે. આ સંસ્થા દ્વારા શોપિંગ તેમજ શાકભાજી માર્કેટને ભાવિ સમયમાં દત્તક લેવામાં આવશે. આજે અફસરોની વાઈવ્સ દ્વારા શોપિંગમાં જનજાગૃતિ કેળવાય તે માટે કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ તબક્કે પી ડી પી યુના વિધાર્થીઓ દ્વારા શેરી નાટક થકી સ્વચ્છતાના મામલે લોક જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ગાંધીનગરનું મુખ્ય શોપિંગ સેન્ટર હાલ સમસ્યાઓથી ઘેરાયેલું છે.જયારે શોપિંગમાં ગંદકી ઉપરાંત પાર્કિંગની સમસ્યા સળગતી હોવાનો સૂર પણ ઉઠવા પામ્યો છે. થોડા સમય અગાઉ રાજયના ચીફ સેક્રેટરી ડી જે પાંડીયને પણ આ વિસ્તારની મુલાકાત લઈ ફૂવારા દુર કરવા ઉપરાંત શોપિંગમાં સ્વચ્છતાના મામલે નિરિક્ષણ કર્યુ હતું. જયારે શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરને ગંદકીમુકત અને નમુનારૂપ બનાવવા આઈ એસ ઓફિસર્સની વાઈવ્સે પણ અભિયાન હાથ ધર્યુ છે. અંદાજિત ૮૦ જેટલા સભ્યોના આ એસોસિયેસન દ્વારા અગાઉ પણ વેપારીઓ સાથે બેઠક કરીને જરૂરી બાબતો સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી. આ અંગે એસોસિએશનના પ્રમુખ આશા પાંડિયનના જણાવ્યા મુજબ શોપિંગ વિસ્તારમાં યોગ્ય રીતે કચરો એકત્રિત થાય તે માટે અગાઉ ૧૦૦ જેટલા ડસ્ટબીન પણ મુકવામાં આવ્યા છે. જયારે સફાઈ માટે એજન્સી મારફતે ગંદકી પણ ઉલેચવામાં આવી છે. આગામી દિવસોમાં શોપિંગ સેન્ટર તેમજ શાકભાજી માર્કેટની જાળવણીનું કામ પણ આ એસોસિએશન મારફતે થશે. અલબત્ત એસોસિએશન દ્વારા શોપિંગ તેમજ શાકભાજી બજાર દત્તક લેવામાં આવશે. આ વિસ્તારમાં કાયમી સફાઈ થાય તેનો પણ પુરતો ખ્યાલ રાખવામાં આવશે. આજે પણ એસોસિએશન આયાજીત કાર્યક્રમમાં આમ નાગરિકોમાં સફાઈના મામલે જાગૃતિ કેળવાય તેવો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

(તસવીર : દિપક જાની)

આ તબક્કે પી ડી પી યુ ના વિધાર્થીઓ દ્વારા શેરી નાટક રજુ કરીને વેપારીઓ તેમજ મુલાકાતીઓમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો અભિગમ અપનાવાયો હતો.

આ દરમિયાન જિલ્લા કલેકટર રવિશંકર માર્ગ મકાન વિભાગના સેક્રેટરી પી એન જૈન મ્યુનિ કમિશ્નર જી આર ચૌધરી ઉપરાંત વેપારી એસોસિએશનના પ્રમુખ મહેશ ભટ્ટ જયોતિન્દ્ર વ્યાસ શાકભાજી માર્કેટના સુનિલ પટેલ સહિત મોટી સંખ્યામાં વેપારીઓ ઉપસ્થિત રહયા હતા. ગુજરાત આઈ એસ ઓફિસર્સ વાઈવ્સ એસોસિએશન દ્વારા સમાજમાં જનજાગૃતિ કેળવવા સહિત અનેકવિધ સેવાકીય પ્રવૃતિ કરવામાં આવે છે. જયારે આગામી દિવસોમાં સ્વચ્છતાના અભિગમને વેગ આપવા શહેરના મુખ્ય શોપિંગ સેન્ટરને મોડેલરૂપ બનાવવા પ્રોજેકટ હાથ ધરાશે.

પાટનગર યોજના વિભાગમાં મેન પાવરના નામે શુન્યવકાશ

પ્રજાલક્ષી કામો અટવાયા વહિવટને માંઠી અસર : સહાયક ઇજનેરની પરિક્ષાના ફોર્મ ભરાયા બાદ વર્ષના અંતે પરિક્ષા લેવાઇ નથી : પાટનગર યોજનામાં પણ વયનિવૃતિના દૌર બાદ મોટાભાગનું તંત્ર ચાર્જમાં

ગાંધીનગર, તા.૧૯

માર્ગ મકાન વિભાગમાં લાંબા સમયથી સહાયક ઈજનેરોની જગ્યા ખાલી છે.ગત વર્ષ દરમિયાન આ અન્વયે પરિક્ષાનું ફાર્મ ભરવાની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી.પરંતુ એક વર્ષના અંતે પણ પરિક્ષા ન લેવાતા ઉમેદવારોમાં પણ નારાજગી વ્યાપી છે. બીજીતરફ કરાર આધારિત ભરતીની મુદત પૂર્ણ થયા બાદ નવી નિમણૂંકો આપવામાં આવી નથી.જેના લીધે મેન પાવરના અભાવે વહીવટી કામગીરી ઠપ્પ થઈ ગઈ છે. પાટનગર યોજના ભવનમાં પણ વય નિવૃતિના અંતે ખાલીપો જોવા મળે છે.સમગ્ર તંત્ર ચાર્જમાં કાર્યરત હોવાથી પ્રજાના કામો અટવાયા હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે.

રાજયના વિવિધ સરકારી વિભાગોમાં કર્મચારીઓની વયનિવૃતિના દૌરના લીધે મેન પાવરની ઘટનો પ્રશ્ન ઉભો થયો છે. માર્ગ મકાન વિભાગમાં પણ કર્મચારીઓની ઘટની સમસ્યા પેચીદી બની છે.નિવૃતિના દૌર બાદ વિભાગમાં મેનપાવરનો અભાવ વર્તાય છે.બીજીતરફ સરકાર કક્ષાએથી ભરતી ન થતા કર્મચારીઓની ઘટ વધતી જાય છે. પાટનગર યોજના ભવનમાં પણ મોટાભાગની જગ્યાઓ ચાર્જમાં હોવાથી વહિવટી કામગીરી ઠપ્પ થઈ ગઈ છે.સહાયક ઈજનેરની કાયમી જગ્યા ભરવા માટે ગત વર્ષે પરિક્ષાના ફોર્મ ભરવામાં આવ્યા હતા પરંતુ વર્ષના અંતે પણ પરિક્ષા લેવામાં આવી નથી. અલબત્ત એક વર્ષના અંતે પણ પરિક્ષા લેવામાં આવી નથી. જયારે કરાર આધારિત ભરતીની પણ મુદત પૂર્ણ થયા બાદ ગત ઓકટોબર મહીનામાં હંગામી કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા હતા. હાલની સ્થિતિએ વિભાગમાં ૨૭૦ જેટલી જગ્યા ખાલી હોવાનું મનાય છે. જયારે ગત મહિના દરમિયાન સરકાર દ્વારા ફરી કરાર આધરિત ભરતી માટે જાહેરાત આપવામાં આવી છે. જેમાં ૧૬૦ જગ્યાઓ ભરવાનું આયોજન છે. પરંતુ આ કરાર આધારિત ભરતીના અંતે પણ ઘટનો પ્રશ્ન હલ થાય તેમ નથી. જુનાને છૂટા કરવામાં આવે છે. જેની સામે કાયમી ભરતી થતી નથી. પાટનગર યોજના ભવનમાં પણ છેલ્લા કેટલાક સમયથી મહત્વની જગ્યાઓ ખાલી છે. જયારે આગામી સમયમાં વય નિવૃતિના લીધે અધિક્ષક ઈજનેરની જગ્યાઓ ખાલી થાય તેમ છે. જેના અંતે પાટનગર યોજના વિભાગમાં સાવ શુન્યવકાશ સર્જાય તેમ છે.સરકાર દ્વારા કર્મચારીઓની ભરતી સંદર્ભે કોઈ ગતિવિધિ હાથ ધરવામાં આવતી નથી.જેના પરિણામે પાણી ગટર અને રસ્તા સહિતની મહત્વની અને પ્રજાલક્ષી કામો સંભાળતા તંત્રની હાલત સાવ ફયુઝ ઉડી ગયા જેવી થઈ ગઈ છે.

સે- ૮માં આદર્શ નિવાસી શાળા અને હાસ્ટેલનું નવું બિલ્ડીંગ બનશે

નવા બિલ્ડીંગો પાછળ રૂપિયા ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગાંધીનગર તા ૧૯

સે - ૮ માં આદર્શ નિવાસી શાળા તેમજ હોસ્ટેલનું નવું બિલ્ડીંગ બાંધવામાં આવશે. માર્ગ મકાન વિભાગ દ્વારા આ નવા બિલ્ડીંગના નિર્માણ માટે રૂપિયા ૧૦ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી છે. આ કામગીરીને અનુલક્ષી ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.

સે -૮ માં આદર્શ નિવાસી શાળાના નવા બિલ્ડીંગનું નિર્માણ કરવા માર્ગ મકાન વિભાગ દ્વારા જરૂરી મંજુરી આપી દેવામાં આવી છે.સુત્રોના જણાંવ્યા મુજબ આદર્શ નિવાસી શાળામાં છાત્રોની સંખ્યા વધતા માળખાગત સુવિધા ઉભી કરવા નવું આયોજન કરવામાં આવ્યું છે. આદર્શ નિવાસી શાળામાં છાત્રોની સંખ્યા વધતા વધારાના હોસ્ટેલ બિલ્ડીંગ તેમજ શાળાનું નવું મકાન બાંધવામાં આવશે.જેમાં કન્યા શાળા માટે એક માળનું નવું મકાન તૈયાર કરવામાં આવશે. હાલ સેકટરમાં હયાત બિલ્ડીંગની સાથે નવા બે મકાનો બાંધવામાં આવશે.

આ ઉપરાંત બોયઝ હોસ્ટેલ માટે પણ બે માળનું અધતન મકાન તૈયાર કરવામાં આવશે. આ બંન્ને બ્લોકમાં જરૂરી અધતન તમામ સુવિધાઓ ઉભી કરવામાં આવશે. બે બ્લોકના નિર્માણ દરમિયાન વિવિધ રૂમ હોલ તેમજ ટોયલેટ બ્લોક સહિતની સવલતો ઉભી કરાશે. આ પ્રોજેકટ અન્વયે રૂપિયા ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ કામગીરી સંદર્ભે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. જેના અંતે કામગીરી હાથ ધરવામાં આવશે.

મેટ્રો રેલ કૌભાંડમાં સંજય ગુપ્તાને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી અપાયા

ગાંધીનગર, તા. ૧૯

મેટ્રો રેલ કૌભાંડમાં સંજય ગુપ્તા અને રાઘેશ ભટ્ટને જ્યુડીશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા છે. જ્યારે સંજય ગુપ્તાએ કરેલી અરજી

પર વધુ સુનવણી ૨૧મી પર રાખવામાં આવી છે.

મેટ્રો રેલ કૌભાંડની તપાસ કરી રહેલ ગાંધીનગર ઝોન સી.આઈ.ડી. ક્રાઈમે મેટ્રો રેલના પૂર્વ ચેરમેન સંજય ગુપ્તા અને રાઘેશ ભટ્ટની ધરપકડ કરીને ચાર દિવસના રીમાન્ડ મેળવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

સરકારી કચેરીમાં વ્યસન કરનારને રૂ. ૨૦૦નો દંડ કરાશે

દંડનીય કાર્યવાહી કરવા તંત્રને કડક તાકીદ

આખા વર્ષમાં માત્ર રૂ. ૫૦૦નો જ દંડ વસુલાયો

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાની સરકારી કચેરીઓમાં તમાકુ ખાનાર અને સિગરેટ પીનારને રૂ. ૨૦૦ સુધીનો દંડ ભરવાનો રહેશે. તમાકુ નિયંત્રણ ધારાનો સખ્તાઈથી અમલ કરવા માટે આજે જિલ્લા કલેક્ટરથી રવિશંકરે તંત્રને કડક તાકીદ કરી છે.

તમાકુ નિયંત્રણ ધારાના અમલ માટે આજે યોજાયેલી બેઠકમાં તેમણે જિલ્લા આરોગ્ય તંત્રને આ માટે દરેક ખાતાકીય વડાને તથા કચેરીના વડાઓને દંડ વસુલવા માટેની પાવતી અને દંડ કયા હેડ નીચે જમા કરાવવાનો રહેશે તેની વિગતે સમજુતિ આપતો પત્ર આ સપ્તાહમાં જ મોકલી આપવા જણાવાયુ છે તેમજ સખ્તાઈથી તેનો અમલ થાય તે જોવા જણાવ્યુ છે.

શૈક્ષણિક સંકુલોની આસપાસમાં તમાકુનુ વેચાણ કરતા પાન-ગલ્લાઓ પણ હટાવી લેવામાં આવે તેની કાળજી લેવા માટે તંત્રને ટકોર કરતાં તેમણે જણાવ્યુ હતુ કે ધુમ્રપાન પ્રતિબંધની સૂચનાના બોર્ડ પણ કચેરીમાં લાગી જવા જોઈએ.

જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે જણાવ્યુ હતુ કે દંડનીય કાર્યવાહીમાં ઉદાસીનતા તેઓ સ્હેજપણ સાંખી લેશે

● અનુસંધાન પાન-૭ પર

મેયર હંસાબેન મોદી મુક્તિધામની મુલાકાતે

જુસિકાની કામગીરીના વખાણ કર્યા : ૩ સોલાર સ્ટ્રીટલાઈટના પોલ અને લાકડા-લોખંડના કલાત્મક બાંકડા આપવાનું વચન આપ્યું : અન્ય પડતર પ્રશ્નો અંગે પણ સત્વરે નિરાકરણ લાવવા હકારાત્મક પ્રતિભાવ

(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર હંસાબેન મોદી અને નાયબ કમિશનર જે.બી. બારૈયા સહિતની ટીમે આજે સવારે મુક્તિધામની મુલાકાત લીધી હતી અને જુસિકાની કામગીરીની સમીક્ષા કરી હતી. જુસિકા વતી સક્રીય જીલુભા ધાંધલે મેયર અને તેમની ટીમને મુક્તિધામની વિસ્તૃત માહિતી પુરી પાડી હતી તેમજ નિભાવવા માટે જરૂરી રજૂઆતો કરી હતી. મેયરે પણ તેમને હકારાત્મક પ્રતિભાવ આપતા ઘણી બધી જરૂરિયાતો સત્વરે સંતોષવાની ખાત્રી આપી હતી.

મુક્તિધામનું સંચાલન ગાંધીનગરની જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા કરવામાં આવે છે, પરંતુ સંચાલન-નિભાવ માટે મહાનગર પાલિકા તરફથી પૂરતો પ્રતિભાવ કે આર્થિક સહયોગ સાંપડતો નથી તેવી હંમેશા મુક્તિધામના સંચાલકોની ફરિયાદ રહી છે. મોટા ભાગની જરૂરિયાતો જુસિકા દાન-ભંડોળ એકઠુ કરી પુરી કરે છે જે માટે તેમને સતત પ્રયત્નશીલ રહેવુ પડે છે. આજે જ્યારે નગરના પ્રથમ મહિલા મેયર હંસાબેન મુક્તિધામની મુલાકાતે પધાર્યા ત્યારે મુક્તિધામના સંચાલનમાં સક્રીય એવા જીલુભા ધાંધલે તેમની સમક્ષ પડતર પ્રશ્નો અને જરૂરિયાતોની સબળ રજૂઆત કરી હતી. આ સાથે તેમણે અગાઉના હોદેદારોએ કરેલા વાયદા પોકળ સાબિત થયા છે તેની યાદ અપાવતા સકારાત્મક સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મુક્તિધામ ખાતે લાયબ્રેરીના નિર્માણની દરખાસ્ત હંસાબેન મોદીએ જ કરી હતી. ત્યારે તેઓની વાતને ઘણા કોર્પોરેટર્સ દ્વારા હસી કાઢવામાં

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરમાં ગરમી યથાવત

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સહિત સમગ્ર રાજયમાં હીટવેટની અસર છેલ્લા ત્રણ-ચાર દિવસોથી જોવા મળી છે. હાલમાં હીટવેવમાં કોઈ રાહત મળે તેવુ જણાતુ હતુ. પરંતુ મંગળવારે મહત્તમ તાપમાન ૪૩.૨ ડિ.સે. નોંધાયું હતું જે ગઈકાલ કરતા ઓછુ જરૂર છે પરંતુ ગરમીમાં જરાય રાહત અપાવે તેટલુ ઓછુ થયુ નથી.

ભારે ગરમીની અસર છેલ્લા એક અઠવાડીયાથી અનુભવાઈ રહી છે. આકાશમાંથી અગનવર્ષા થતાં શહેર આખો દિવસ સુમસામ રહે છે. લોકો બહાર જવાનુ ટાળી રહ્યા છે. ખુબ આકરી ગરમી પડી રહી છે. ત્યારે જન આરોગ્ય સામે પણ ખતરો ઉભો થયો છે. ઘરમાં પણ લુ નો અનુભવ થાય તેવી આકરી ગરમી પડી રહી છે. બારી-બારણા આખો દિવસ બંધ રાખો ત્યારે માંડ થોડીક રાહત અનુભવાય છે. આજે પાટનગરનું મહત્તમ તાપમાન ૪૩.૨ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૮.૬ ડિ.સે. રહ્યુ હતુ. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૧ ટકા અને સાંજે ૨૩ ટકા નોંધાયું હતું.

ફળ-શાકભાજીના ખરીદ અને વેચાણ માટે ખેડૂત અને વેપારીઓને પૂર્ણ સ્વતંત્રતા અપાઈ

રાજ્યનો ખેડૂત હવે ફળ અને શાકભાજીનું ઓપન બજારમાં સ્પર્ધાત્મક વેચાણ કરી શકશે

ગાંધીનગર, તા.૧૯

રાજયના કૃષિ અને સહકાર વિભાગે ખેડૂતહિતલક્ષી નિર્ણય કરીને એક જાહેરનામા દ્વારા રાજયમાં ફળ અને શાકભાજીના ખરીદ અને વેચાણ માટે ખેડૂત અને વેપારીઓને પૂર્ણ સ્વતંત્રતા આપીને તેમને તમામ પ્રકારે નિયંત્રણ મુક્ત કર્યા છે. હવેથી રાજયમાં ફળ અને શાકભાજીના ખરીદ અને વેચાણમાં કોઈપણ રૂકાવટ રહેતી નથી. જેથી ખેડૂતો પોતાના ખેત ઉત્પાદનને ફળ-શાકભાજીને બજાર સમિતી સિવાય ગમે ત્યાં વેચી શકશે. તેમજ કોઈપણ વેપારી ગમે ત્યાંથી કોઈપણ પ્રકારના તેમજ કોઈપણ વેપારી લાયસન્સ લીધા સિવાય ફળ અને શાકભાજી ખરીદી શકશે. આ માટે વેપારીએ બજાર સમિતીને બજાર ફીની ચૂકવણી કરવાની રહેશે નહી. આથી હવે રાજયનો ખેડૂત ફળ અને

● અનુસંધાન પાન-૭ પર

ઈ-ટેન્ડરીંગ
(પ્લોટના ઈ-ઓક્શન) માટે
ડીજીટલ સીગ્નેચર
Class-3 માટે મળો
(મો) ૯૭૨૩૪ ૪૩૧૬૨

નગરના માર્ગો પર બુલેટ મોટરસાઈકલ મોટી સંખ્યામાં દેખાવા નજરે પડે છે

આગવી ઓળખ અને મોભાદાર સવારી દર્શાવતી આ મોટરસાઈકલ માટે લોકોનો શોખ વધ્યો : વર્ષો પહેલા બુલેટનો દબદબો હતો

ગાંધીનગર, તા. ૧૯

દ્વિચક્રી વાહનોની અનેક શ્રેણીઓ હાલમાં બજારમાં ઉપલબ્ધ બની છે. દરેક કંપનીઓ પોતાની પ્રોડક્ટમાં અવનવા ફેરફાર કરી આકર્ષક બનાવી લોકોને તે ખરીદવા માટે પ્રલોભી રહી છે. પરંતુ બુલેટ મોટરસાઈકલે એ તમામ મોટરસાઈકલો કરતાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે અને વર્ષો પહેલા આ બુલેટનો જે દબદબો હતો તે ફરીથી જાગૃત થઈ હાલ નગરમાં માર્ગો ઉપર મોટી સંખ્યામાં દેખાઈ રહ્યો છે. મોભાદાર સવારી અને ઘેઘુર અવાજ આ બુલેટની આગવી ઓળખ છે. અને તે માટે લોકોના શોખમાં વધારો થયો હોય તેવું લાગી રહ્યું છે.

નગરમાં આવેલા તમામ માર્ગો ઉપર બુલેટ મોટરસાઈકલ દેખાવા માંડી છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના કાઠી દરબારોમાં બુલેટ વસાવવાનો એક મોભો હતો અને જેથી સૌરાષ્ટ્ર પછી ગુજરાતના શહેરોમાં પણ કોઈક કોઈક સ્થળોએ બુલેટ જોવા મળતી હતી. ત્યાર બાદ વર્ષો સુધી આ મોટરસાઈકલ વસાવવા માટે જાણે કે લોકોએ અણગમો થયો હોય તેમ માર્ગો ઉપર લગભગ બુલેટ અદ્રશ્ય થઈ ગયું હતું. પરંતુ હાલ રાજયના પાટનગરમાં બુલેટની વસ્તીમાં થઈ રહેલા વધારાએ તેનો દબદબો બહાર આવ્યો છે. મોભાદાર સવારી સાથે ઘેઘુર અવાજ ફેલાવતુ આ દ્વિચક્રી વાહન પસાર થતાં વેંત જ બુલેટ હોવાની પ્રતિતિ થાય છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

તમામ મોટરસાઈકલોથી અલગ જ ઓળખ ધરાવતુ બુલેટ નગરના યુવાન વર્ગમાં માનીતુ બન્યુ છે. પહેલા એકાદ બે બુલેટ નજરે પડતા હતા. હાલ આ સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ ઠેર ઠેર બુલેટ જોવા મળી રહ્યા છે. સમરસ ઉંચાઈ, પહાડી જાડાઈ અને દેખાવે આકર્ષક લાગતા આ બુલેટની સવારી એ મોભો બન્યો છે. બુલેટ ઉપર સવાર થઈને નીકળનાર જાણે કે મહારાજા હોય તેવો અનુભવ કરતાં હોવાનું લાગી રહ્યું છે. વધુમાં બુલેટની કિંમત અન્ય બાઈકો કરતાં મોંઘી હોવાથી દરેકને પોષાય તેમ નથી અને એવરેઝ પણ અન્ય કરતાં ઓછી હોઈ ઈંધણનો પણ વપરાશ વધે છે. આમ વર્ષો સુધી સુષુપ્ત અવસ્થામાં રહેલા બુલેટે યુવાનોને ઘેલુ લગાડી ધમાકેદાર એન્ટ્રી કરી છે.

બેસણું

મારા ધર્મપત્ની અ.સૌ. રક્ષાબેન ગીરીશકુમાર નાયી (પ્રાંતિજવાળા)નું દુઃખદ અવસાન તા.૧૫-૦૫-૨૦૧૫ શુક્રવારના રોજ થયેલ છે. સદ્‌ગતનું બેસણું / સુતક આવતીકાલે તા.૨૧-૦૫-૧૫ને ગુરૂવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૨.૩૦ નીચેના સ્થળે રાખેલ છે.

લી. ગીરીશકુમાર મફતલાલ નાયી

સ્થળ : હરિહરેશ્વર મહાદેવ હોલ, અંબાજી માતાનો વાસ, નાની ભાગોળ, પ્રાંતિજ.

ભારતીબેન મફતલાલ નાયી
મીનાબેન મફતલાલ નાયી
ઙ. કનુભાઈ મફતલાલ નાયી
પ્રશાંતભાઈ મફતલાલ નાયી
મનોજભાઈ મફતલાલ નાયી
અશોકભાઈ મફતલાલ નાયી

લૌકિક-વ્યવહાર બંધ રાખેલ છે.

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
જીતેન્દ્રભાઈ સાંકરલાલ પરીખ • યોગેશભાઈ સાંકરલાલ પરીખ • પંકજભાઈ સાંકરલાલ પરીખ (પેથાપુરવાળા)

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
Kisan
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com